ફોજદારી કેસ નં. ૩૪૩૯૪/૨૦૦૭

**:: આંક ૧ નીચે હુકમ ::**

1. ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. આજરોજ ફરીયાદી કોર્ટમાં હાજર છે પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદીએ હાલના કામે પુરસીસ થી જાહેર કરેલ છે કે, તેઓને આ કામે આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. તેઓએ સદર સમાધાન સ્વૈચ્છાએ આપેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

2. ઉપરોક્ત હકીકતે અત્રેની અદાલત દ્વારા નિર્ણય કરવાનો છે કે, આરોપી કોર્ટ સમક્ષ હાજર ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ અદાલત આરોપી વિરૂધ્ધનો ગુન્હો તેની ગેરહાજરીમાં કંપાઉન્ડ કરી શકે કે કેમ. તે બાબતે જોવામાં આવે તો અત્રેની અદાલતના ધ્યાન ઉપર નીચે મુજબનો ચુકાદો ધ્યાને આવેલ છે.
   - વાય બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરેલા, ૨૦૦૮ ક્રિ.લો.જ. ૯૨૮

3. સદર ચુકાદામાં કેરેલા રાજયની નામદાર વડી અદાલતે નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપીત કરેલ છે.

   (એ)ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦માં કરેલ કંપાઉન્ડની જોગવાઇ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્વીપક્ષીય ક્રીયા નથી.

   (બી) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કંપાઉન્ડની અરજી સદર કલમના કોઠઓાની કોલમ નં. ૩માં વર્ણવેલ ભોગ બનનાર વ્યક્તિમાં તેમની સહી થી થઇ શકે.

   (સી) કંપાઉન્ડની અરજી ફરીયાદી તથા આરોપીની સંયુક્ત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

   (ડી) ફોજદારી કાર્યરીરી સંહિતાની કલમ ૩૨૦ મુજબની કંપાઉન્ડની જોગવાઇ ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

   (ઇ) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦ હેઠળ ગુન્હો કંપાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુન્હાનુ સંજ્ઞાન લે તે પહેલા ઇન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઇ શકે.

4. આમ, કેરાલાની નામદાર વડી અલદાત દ્વારા ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તે મુજબ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦ મુજબ ગુન્હો કંપાઉન્ડ કરવા માટે તે માટેની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારાવાને પાત્ર છે તેમજ ફરીયાદની હકીકતને ધ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઇ વ્યક્તિના હીતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઇ ફેર પડતો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદીએ સ્વૈચ્છીક રીતે હાલની સમાધાન પુરસીસ આપેલ છે. તેથી આરોપી હાજર ન હોવાના માત્ર કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને તેથી હાલની પુરસીસ રેકર્ડેડ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

- આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦ અન્વયે તેમની સામે નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯/૪૦૬/૪૨૦ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

- આરોપીના જામીન ખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

આજ તારીખ ૨૨મી માહે એપ્રીલ સને ૨૦૧૮ના રોજ ખુલલી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તા. ૨૨/૦૪/૨૦૧૮
અમદાવાદ

તુષાર હંસરાજ પંજાબી
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર
GJ01076